GOVERNMENT OF GUJARAT

Legislative And Parliamentary Affairs Department

# BOMBAY ACT No. X OF 1960

# The Bombay Prevention of Begging Act, 1959.

(As modified upto the 31st May, 1994.)

ગુજરાત સરકાર

# સન ૧૯૬૦ નો મુંબઈ અધિનિયમ નંબર ૧૦

## મુંબઈ ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ, ૧૯૫૯.

( સન ૧૯૯૪ ના મે મહિનાની ૩૧મી તારીખ સુધી સુધારેલો )

૧૯૯૪
સરકારી મુદ્રણાલય, ભાવનગર.

# મુંબઈ ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ, ૧૯૫૯

## અનુક્રમણિકા

**પ્રસ્તાવના**

કલમો

### પ્રકરણ ૧

### પ્રારંભિક

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ, આરંભ અને તત્સમાન કાયદા અને જોગવાઈઓ રદ કરવા બાબત.

૨. વ્યાખ્યા.

### પ્રકરણ ૨

### ભિખારીઓ અને ભિખારી ગુનેગારોના સંબંધમાં તજવીજ કરવાની કાર્યરીતિ

૩. ન્યાયાલયની સત્તા

૪. ભીખ માગતાં માલુમ પડેલી વ્યકિતને ન્યાયાલય સમક્ષ હાજર થવાનું ફરમાવવાની સત્તા

૫. ભીખ માગતાં માલુમ પડેલી વ્યકિતના સંબંધમાં સંક્ષિપ્ત તપાસ અને તેમને અટકમાં રાખવા બાબત

૬. ભિખારી તરીકે અટકમાં રાખ્યા પછી ભીખ માંગવા માટે શિક્ષા

૭. ગુનાનો સંક્ષિપ્ત કાર્યવાહીથી ઈન્સાફ કરવા બાબત

૮. માતાપિતાએ ફાળો આપવા બાબત

૯. ભિખારી પર સંપૂર્ણપણે આધાર રાખતી વ્યકિતઓને ન્યાયાલય અટકમાં રાખવાનો હુકમ કરી શકશે

૧૦. અસાધ્ય રોગથી પીડાતા નિરાધાર ભિખારીઓને વધુ વખત માટે અટકમાં રાખવાનો હુકમ કરવાની રાજ્ય સરકારની સત્તા

૧૧. વ્યકિતઓને ભીખ માગવા માટે નોકરીએ રાખવા અથવા તેમની પાસે ભીખ મંગાવવા અથવા ભીખ મંગાવવાના હેતુ માટે તેમનો ઉપયોગ કરવા માટે શિક્ષા.

### પ્રકરણ ૩

### સ્વીકાર કેન્દ્રો અને પ્રમાણિત સંસ્થાઓ

૧૨. સ્વીકાર કેન્દ્રોની જોગવાઈ

૧૩. પ્રમાણિત સંસ્થાઓની જોગવાઈ

૧૪. મુલાકાત સમિતિઓ

કલમો

૧૫. સલાહકાર સમિતિઓ

૧૬. સ્થાનિક સંસ્થાઓએ ફાળો આપવા બાબત અને તેવા ફાળાની વસૂલાત બાબત

૧૭. મુખ્ય નિરીક્ષક, અધિક મુખ્ય નિરીક્ષક, નિરીક્ષકો, મદદનીશ નિરીક્ષકો અને પ્રોબેશન અધિકારીઓની નિમણુક.

૧૮. સ્વીકાર કેન્દ્રો અને પ્રમાણિત સંસ્થાઓમાં ઝડતી લેવા બાબત

૧૯. વ્યવસ્થા અને શિસ્ત

૨૦. શિસ્તપાલનના ભંગ માટે કેદ

૨૧. એક સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થામાંથી બીજા સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થામાં બદલી

૨૨. લાઈસન્સ પર છૂટકારો

૨૩. લાઈસન્સ રદ કરવા બાબત

૨૪. બિન-શરતી છૂટકારો

## પ્રકરણ ૪

## પ્રકીર્ણ

૨૫. અટકમાં રાખવાનો અથવા કેદની સજાનો હુકમ કરવામાં આવે ત્યારે અનુસરવાની કાર્યરીતિ

૨૬. રકતપિત્તના દરદીઓ અને પાગલ માણસોની તબીબી તપાસ અને તેમને અટકમાં રાખવા બાબત

૨૭. સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થામાંથી નાસી છૂટતી વ્યકિતની ગિરફતારી

૨૮. પ્રમાણિત સંસ્થા અને ભારતનાં જુદા જુદા ભાગોમાંની એવા પ્રકારની સંસ્થાઓ વચ્ચે બદલી

૨૯. આંગળાની છાપ લેવાની સત્તા

૩૦. ભિક્ષા મેળવવા અથવા કઢાવવા માટે ખુલ્લા મૂકેલાં અથવા પ્રદર્શિત કરેલા પશુઓને પકડવા તથા તેમનો નિકાલ કરવા બાબત

૩૧. ગુનાઓ પોલીસ અધિકારના અને જામીન લઈ શકાય નહિ તેવા ગણાશે

૩૨. અમુક વ્યકિતઓ રાજયસેવકો ગણાશે

૩૩. સન ૧૮૯૮ના ૫મા અધિનિયમ હેઠળ લીધેલાં ખતો બાબત

૩૪. અપીલ

૩૫. નિયમો

૩૬. મુશ્કેલીઓ દૂર કરવા બાબત

અનુસૂચિ

# સન ૧૯૬૦નો મુંબઈ અધિનિયમ નંબર ૧૦૧

**મુંબઈ ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ, ૧૯૫૯ [૮મી ફેબ્રુઆરી, ૧૯૬૦]**

**(ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગીતીકરણ હુકમ, ૧૯૬૦થી સુધારેલો)**

**મુંબઈ રાજ્યમાં ભીખ માંગવા ઉપર પ્રતિબંધ મૂકવા માટે એક સરખી અને વધુ સારી જોગવાઈ કરવાના હેતુ અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે ભિખારીઓને લગતો કાયદો એકત્રિત કરી સુધારવા બાબત અધિનિયમ.**

મુંબઈ રાજ્યમાં ભીખ માંગવા ઉપર પ્રતિબંધ મૂકવા માટે; ભિખારીઓ અને તેમના આશ્રિતોને અમુક સંસ્થાઓમાં અટકમાં રાખવા, તાલીમ આપવા અને કામે લગાડવા માટે; ભિખારી ગુનેગારોની કસ્ટડી ઈન્સાફી કાર્યવાહી અને શિક્ષા માટે એક સરખી અને વધુ સારી જોગવાઈ કરવાનું; અને આ અને બીજા હેતુઓ માટે ભિખારીઓને લગતા કાયદો એકત્રિત કરી સુધારવાનું ઈષ્ટ છે; આથી ભારતનાં ગણ-રાજ્યના દસમા વર્ષમાં નીચે પ્રમાણે અધિનિયમ કરવામાં આવે છે.—

## પ્રકરણ ૧

### પ્રારંભિક

**ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ, આરંભ અને તત્સમાન કાયદા અને જોગવાઈઓ રદ કરવા બાબત.**

૧. (૧) આ અધિનિયમ "મુંબઈ ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ, ૧૯૫૯" કહેવાશે.

(૨) તે સમગ્ર [2][ગુજરાત રાજ્યને] લાગુ પડે છે.

(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, રાજ્યના કોઈ વિસ્તાર માટે તે અર્થે નક્કી કરે તે તારીખે તે વિસ્તારમાં તે [3]અમલમાં આવશે.

(૪) પેટા-કલમ (૩)માં જોગવાઈ કરેલી રીતે રાજ્યના કોઈ વિસ્તારમાં આ અધિનિયમ શરૂ થયેથી, તે વિસ્તારમાં અમલમાં હોય તેવા તમામ તત્સમાન કાયદા (અનુસૂચિમાં જણાવેલા કાયદા તેના ત્રીજા કોલમમાં નિર્દિષ્ટ કર્યા હોય તેટલે સુધી તેમાં રદ થયેલા ગણાશે:

પરંતુ એવી રીતે કાયદો રદ કરવામાં આવ્યો હોય છતાં, એવી રીતે રદ કરેલા કોઈ કાયદા હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું (કરેલી કોઈ નિમણૂક, જોગવાઈ કરેલાં, નિભાવેલાં પ્રમાણિત કરેલાં મંજૂર કરેલાં અથવા માન્ય કરેલાં સ્વીકાર કેન્દ્રો અને સંસ્થાઓ, આપેલાં અધિકારપત્રો, મળેલી સત્તા અને નાખેલી

---

૧. ઉદ્દેશો અ કારણો માટે જુઓ મુંબઈ ,રાજપત્ર, ૧૯૫૯, ભાગ-૫, પાનું ૩૮૬.

૨. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી "મુંબઈ રાજ્ય" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. સન ૧૯૬૦ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે સદરહુ અધિનિયમ નીચેના વિસ્તારોમાં અમ-લમાં આવશે:—

(ક) મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪માં વ્યાખ્યા કર્યા પ્રમાણે "બૃહદ મુંબઈ."

(ખ) વસઈ થાણાની ખાડીથી ઘેરાએલા થાણા તાલુકાનો ભાગ અને તેના પ્રાદેશિક જળ વિસ્તારો;

(ગ) થાણા રેલ્વે સ્ટેશનની તરત જ આગળના સ્થળેથી સેન્ટ્રલ રેલ્વે પરના કલ્યાણ સ્ટેશન સુધીની રેલ્વે જમીનની હદો, અને,

(ઘ) ભાયંદર રેલ્વે સ્ટેશનની તરત જ આગળના સ્થળેથી પશ્ચિમ રેલ્વે પરના વિરાર રેલ્વે સ્ટેશન સુધીની રેલ્વે જમીનની હદો;

(ચ) કોલાબા જિલ્લાના ઉરણ મહાલનાં ધારોરી ગામમાં સરવે નંબર ૬૫માં સમાવિષ્ટ થયેલી "એલી-ફન્ટા ગુફા."

(છ) મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન અધિનિયમ, ૧૯૪૯ના અર્થ મુજબ અમદાવાદ શહેર.

**(જુઓ સન ૧૯૬૦ના માર્ચ મહિનાની ૮મી તારીખના મજૂર અને સમાજ કલ્યાણ વિભાગનું સરકારી જાહેરનામું નંબર આઈએનટી-૪૪૫૯-એમ.)**

ફરજો, નીમેલી અથવા રચેલી સમિતિઓ, આપેલાં લાઈસન્સો, કાઢેલાં જાહેરનામાં અને કરેલા નિયમો સહિત) જેટલે સુધી તે આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, આ અધિનિયમની તત્સમાન જોગવાઈઓ મુજબ કરેલું અથવા લીધેલું ગણાશે; અને આ અધિનિયમ હેઠળ કરેલાં કોઈ કાર્યથી અથવા લીધેલાં કોઈ પગલાંથી રદ કરવામાં આવ્યું ન હોય તો અને ત્યાંસુધી, તદનુસાર અમલમાં ચાલુ રહેશે. અને ઉપર્યુક્ત જોગવાઈઓને બાધ આવ્યા સિવાય અને તેને અધીન રહીને, મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ ની કલમ ૭, આવો કોઈ કાયદો રદ કરવાની બાબતમાં લાગુ પડશે અને આવો કાયદો, તે કલમનાં અર્થ મુજબ અધિનિયમ ન હોય તો, તે કાયદો તે કલમના અર્થ મુજબ અધિનિયમ હોય તેમ, તેના સંબંધમાં લાગુ પડશે.

વ્યાખ્યા. ૨. (૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો:—

(૧) "ભીખ માંગવી" એટલે

(ક) કોઈ સાર્વજનિક જગામાં ભિક્ષા માંગવી અથવા લેવી, પછી ગાવા, નાચવા, ભવિષ્ય કહેવા, પ્રયોગ કરવા, અથવા વેચાણ માટે કોઈ ચીજ આપવા જેવા કોઈ બહાના હેઠળ તેમ કરવામાં આવતું હોય કે ન હોય;

(ખ) ભિક્ષા માંગવા અથવા તે લેવાના હેતુ માટે કોઈ ખાનગી જગામાં દાખલ થવું;

(ગ) ભિક્ષા મેળવવા અથવા કઢાવવાના હેતુથી કોઈ મનુષ્યનું અથવા પશુંનું કોઈ ચાંદુ, ઘા, ઈજા, ખોડ અથવા રોગ ખુલ્લો મૂકવો અથવા પ્રદર્શિત કરવો;

(ઘ) નિર્વાહનું દેખીતું સાધન ન હોવું અને કોઈ સાર્વજનિક જગામાં એવી સ્થિતિમાં અથવા એવી રીતે ભટકયા કરવું અથવા રહેવું કે જેથી એવું જણાય કે આ પ્રમાણે કરતી વ્યકિત ભિક્ષા માગીને અથવા તે લઈને જીવે છે;

(ચ) ભિક્ષા માંગવાના અથવા તે લેવાના હેતુ માટે પોતાની જાતનો પ્રદર્શનીય વસ્તુ તરીકે ઉપયોગ કરવા દેવો:

પરંતુ તેમાં કોઈ કાયદાથી અધિકૃત કરેલા અથવા ઠરાવેલી રીતે બૃહદ, મુંબઈમાં પોલીસ કમિશનરે અને બીજે સ્થળે, જિલ્લા મેજિસ્ટ્રેટે અથવા રાજ્યના કોઈપણ ભાગમાં રાજ્ય સરકારે અધિકૃત કરેલા કોઈ હેતુ માટે નાણાં અથવા ખોરાક અથવા બક્ષિસોની યાચના કરવાનો અથવા તે લેવાનો સમાવેશ થતો નથી;

(૨) "પ્રમાણિત સંસ્થા" એટલે, ભિખારીઓ, અને તેમના આશ્રિતોને અટકમાં રાખવા, તાલીમ આપવા અને કામે લગાડવા માટે રાજ્ય સરકાર જોગવાઈઓ કરે તથા નિભાવે તેવી કોઈ સંસ્થા, અને તેમાં કલમ ૧૩ની પેટા-કલમ (૧) મુજબ તેવી સંસ્થા તરીકે પ્રમાણિત કરેલી સંસ્થાનો સમાવેશ થાય છે;

(૩) "મુખ્ય નિરીક્ષક" એટલે, કલમ ૧૭ ની પેટા-કલમ (૧) મુજબ પ્રમાણિત સંસ્થાઓના મુખ્ય નિરીક્ષક તરીકે નીમેલી વ્યકિત અને તેમાં તે કલમ મુજબ નીમેલા અધિક મુખ્ય નિરીક્ષકનો સમાવેશ થાય છે;

(૪) "બાળક"નો જે અર્થ મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૪૮માં કરવામાં આવ્યો છે તે જ થાય છે; **સન ૧૯૪૮નો મુંબઈનો ૭૧મો.**

(૫) "ન્યાયાલય" એટલે જ્યાં આ અધિનિયમ અમલમાં હોય તે વિસ્તારમાં, કોઈપણ વર્ગના જ્યુડીસિયલ મેજિસ્ટ્રેટની ન્યાયાલય અથવા ફોજદારી હકૂમત વાપરતી બીજી કોઈ ન્યાયાલય;

(૬) "બાળ ગુના ન્યાયાલય"નો જે અર્થ મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૪૮માં કરવામાં આવ્યો છે તે જ થાય છે; **સન ૧૯૪૮નો મુંબઈનો ૭૧મો.**

(૭) "ઠરાવેલું" એટલે, આ અધિનિયમ મુજબ કરેલા નિયમોથી ઠરાવેલું;

(૮) "પ્રોબેશન અધિકારી", એટલે, કલમ ૧૭ની પેટા-કલમ (૧) મુજબ પ્રોબેશન અધિકારી તરીકે નીમેલો અધિકારી ;

(૯) "સાર્વજનિક જગા"માં રેલ્વે ડબ્બાનો સમાવેશ થાય છે;

(૧૦) "સ્વીકાર કેન્દ્ર", એટલે, ભિખારીઓને સ્વીકારવા તથા તેમને કામચલાઉ અટકમાં રાખવા માટે રાજ્ય સરકારે પ્રબંધ કરેલી અથવા કલમ ૧૨ની પેટા-કલમ (૧) હેઠળ એવા કેન્દ્ર તરીકે પ્રમાણિત કરેલી કોઈ સંસ્થા;

(૧૧) "સુપરિન્ટેન્ડન્ટ" એટલે, યથાપ્રસંગ, સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થાનો સુપરિન્ટેન્ડન્ટ;

(૨) જ્યાં આ અધિનિયમ અમલમાં લાવવામાં આવ્યો હોય તે કોઈ વિસ્તારમાં અમલમાં ન હોય તેવાં કોઈ કેન્દ્ર અથવા મુંબઈ અધિનિયમના ઉલ્લેખનો અથવા તેની જોગવાઈના ઉલ્લેખનો અર્થ, તે વિસ્તારના સંબંધમાં તેમાં અમલમાં હોય તેવા કોઈ તત્સમાન કાયદા (હોય, તો તે) નો ઉલ્લેખ હોય એમ સમજવું.

---

## પ્રકરણ ૨

### ભિખારીઓ અને ભિખારી ગુનેગારોના સંબંધમાં તજવીજ કરવાની કાર્યરીતિ

**ન્યાયાલયની સત્તા.**

૩. આ અધિનિયમથી ન્યાયાલયોને આપેલી સત્તા, માત્ર ઉચ્ચ ન્યાયાલય, સેશન્સ, ન્યાયાલય ****[1] પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ, બાળ ગુના ન્યાયાલય અથવા તે વિસ્તારમાં ફોજદારી હકૂમત વાપરતી બીજા કોઈ ન્યાયાલય જ વાપરશે અને એવા ન્યાયાલયો તેમની સમક્ષ મુકદ્દમો મુળ મુકદ્દમા તરીકે અથવા અપીલ અથવા ફેરતપાસ માટે આવે તો પણ સત્તા વાપરી શકાશે.

**ભીખ માંગતા માલુમ પડેલી વ્યકિતને ન્યાયાલય સમક્ષ હાજર થવાનું ફરમાવવાની સત્તા.**

૪. (૧) જે વ્યકિત ભીખ માગતી માલુમ પડે તેને, કોઈ પોલીસ અધિકારી અથવા રાજ્ય સરકારે કરેલા નિયમો અનુસાર આ અર્થે અધિકૃત કરેલી બીજી વ્યકિત વગર વોરન્ટે ગિરફતાર કરી શકાશે;

પરંતુ ભિક્ષા માગવાના અથવા તે લેવાના હેતુ માટે કોઈ ખાનગી જગામાં દાખલ થનાર કોઈ વ્યકિતને, તે જગાના ભોગવટો કરનારે ફરિયાદ કરી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ એવી રીતે ગિરફતાર કરી શકાશે નહિ અથવા તેની સામે કોઈ કાર્યવાહી કરી શકાશે નહિ.

(૨) એવા પોલીસ અધિકારીએ અથવા બીજી વ્યક્તિએ આવી રીતે ગિરફતાર કરેલી વ્યકિતને ન્યાયાલય સમક્ષ લઈ જવી જોઈશે અથવા મોકલી આપવી જોઈશે.

**સન ૧૮૯૮નો ૫મો.**

(૩) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ની કલમ ૬૧ની જોગવાઈઓ, આ કલમ હેઠળ કરેલી દરેક ગિરફતારીને લાગુ પડશે અને પોલીસ સ્ટેશન અથવા વિભાગના હવાલો ધરાવતા અધિકારીએ, ગિરફતાર કરેલી વ્યકિતને, ન્યાયાલય સમક્ષ લાવવામાં ન આવે ત્યાંસુધી તેને, ઠરાવેલી રીતે રખાવવી જોઈશે.

---

૧. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગાણીકરણ હુકમ, ૧૯૬૦થી "ઈલાકા ફોજદારી ન્યાયાધીશો" એ શબ્દો કાઢી નાખ્યા છે.

**ભીખ માંગતા માલુમ પડેલ વ્યકિતના સંબંધમાં સંક્ષિપ્ત તપાસ અને તેમને અટકમાં રાખવા બાબત.**

૫. (૧) છેલ્લી આગલી કલમ હેઠળ જેને ન્યાયાલય સમક્ષ લાવવામાં આવી હોય તે વ્યકિતને, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કોઈ પ્રમાણિત સંસ્થામાં અગાઉ અટકમાં રાખવામાં આવી હતી એમ સાબિત ન થાય, તો ન્યાયાલયે તે ભીખ માગતી માલુમ પડી હતી એવા આક્ષેપના સંબંધમાં, ઠરાવેલી રીતે સંક્ષિપ્ત તપાસ કરવી જોઈએ.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી તપાસ તરત પૂરી કરી શકાય એમ ન હોય, તો ન્યાયાલય તે તપાસ વખતોવખત મુલતવી રાખી શકશે અને પોતાને અનુકૂળ જણાય તેવી જગા અને કસ્ટડીમાં તે વ્યકિતને પાછી મોકલવાનો હુકમ કરી શકશે.

(૩) પેટા-કલમે (૧)માં ઉલ્લેખેલી તપાસ કરતી વખતે ન્યાયાલયને એવી ખાતરી ન થાય કે તે વ્યક્તિ ભીખ માગતી માલુમ પડી હતી, તો ન્યાયાલયે તે વ્યકિતને તરત છોડી મૂકવાનો હુકમ કરવો જોઈશે.

(૪) પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલી તપાસ કરતી વખતે ન્યાયાલયને એવી ખાતરી થાય કે આવી વ્યકિત ભીખ માગતી માલુમ પડી હતી, તો તેણે તે વ્યકિત ભિખારી છે એવો ચૂકાદો નોંધવો જોઈશે.

(૫) ન્યાયાલયે, છેલ્લી આગલી પેટા-કલમ હેઠળ ભિખારી તરીકે માલુમ પડતી વ્યકિતને એક વર્ષ કરતાં ઓછી નહિ અને ત્રણ વર્ષ કરતાં વધારે નહિ હોય તેટલી મુદત માટે કોઈ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખવાનો હુકમ કરવો જોઈશે:

પરંતુ મુકદ્દમાના સંજોગો ઉપરથી ન્યાયાલયને એવી ખાતરી થાય કે ઉપર કહ્યા પ્રમાણે ભિખારી તરીકે માલુમ પડેલી વ્યકિત ફરીથી ભીખ માંગે એવો સંભવ નથી, તો તે ભિખારી ભીખ ન માગે અને સારી વર્તણુક રાખે તે માટે તે ભિખારી અથવા ન્યાયાલય જેને લાયક ગણે તેવી બીજી કોઈ વ્યકિત ન્યાયાલય ફરમાવે તે પ્રમાણે જામીન સાથેનું અથવા જામીન વગરનું ખત કરી આપે એટલે ન્યાયાલય યોગ્ય ઠપકો આપીને તેને છોડી મૂકી શકશે.

(૬) આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કોઈ હુકમ પસાર કરતી વખતે, ન્યાયાલયે નીચેની બાબતો ધ્યાનમાં લેવી જોઈશે એટલે કે :—

(ક) ભિખારીની ઉંમર અને તેનું ચારિત્ર્ય,

(ખ) જે સંજોગો અને પરિસ્થિતિમાં ભિખારી રહેતો હોય હતો તે,

(ગ) પ્રોબેશન અધિકારીએ કરેલા રિપોર્ટો, અને

(ઘ) ન્યાયાલયના અભિપ્રાયમાં ભિખારીના હિતમાં ધ્યાનમાં લેવાની જરૂરી લાગે તેવી બીજી બાબતો.

(૭) પ્રોબેશન અધિકારીનો રિપોર્ટ અથવા તરત જ અગાઉની પેટા-કલમ હેઠળ ન્યાયાલયે ધ્યાનમાં લીધેલો બીજો કોઈ રિપોર્ટ ગુપ્ત ગણાશે:

પરંતુ એવો રિપોર્ટ ભિખારીના ચારિત્ર્ય, આરોગ્ય અથવા વર્તન સંબંધી હોય અથવા જે સંજોગે અને પરિસ્થિતિમાં ભિખારી રહેતો હોય તે સંજોગો અને પરિસ્થિતિ સંબંધી હોય તો ન્યાયાલય પોતાને ઈષ્ટ લાગે તો તેની સારાંશ ભિખારીને અથવા (આશ્રિતોના દાખલામાં) સંબંધિત વાલીને જણાવી શકશે અને જે પુરાવો રિપોર્ટમાં જણાવેલી બાબતો સંબંધી હોય તે પુરાવો રજૂ કરવાની તક યથાપ્રસંગ ભિખારી અથવા વાલીને આપી શકાશે.

(૮) પેટા-કલમ (૫) હેઠળ કરેલા હુકમની નકલ તરત મુખ્ય નિરીક્ષકને મોકલી આપવી જોઈશે.

(૯) આ કલમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ઉપર્યુકત પ્રમાણે ભિખારી તરીકે માલુમ પડેલી વ્યકિત બાળક હોય અને તે બાળક પાંચ વર્ષથી ઓછી ઉંમરનું ન હોય, ત્યારે ન્યાયાલયે તેને બાળગુના ન્યાયાલય સમક્ષ મોકલી આપવો જોઈશે, અને પેટા-કલમ (૫) હેઠળ કોઈ હુકમ કરવો જોઈશે નહિ.

બાળગુના ન્યાયાલયે તે બાળક મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૪૦ના ખંડ (ક)માં વર્ણવ્યા પ્રમાણેની વ્યકિત હોય તેમ તે કલમ હેઠળ તે બાળકના સંબંધમાં યોગ્ય કાર્યવાહી કરવી જોઈશે. વ્યકિતની ઉંમર નક્કી કરવાના હેતુ માટે, જરૂરી હોય, તો ન્યાયાલય, ભિખારીને કોઈ તબીબી અધિકારી પાસે તપાસાવી શકશે.

**ભિખારી તરીકે અટકમાં રાખ્યા પછી ભીખ માંગવા માટે શિક્ષા.**

૬. (૧) જે કોઈ વ્યકિત, આ અધિનિયમ હેઠળ કોઈ પ્રમાણિત સંસ્થામાં અગાઉ અટકમાં રાખવામાં આવી હોય, અને ભીખ માંગતી માલુમ પડે, તેને દોષિત ઠર્યેથી, આ કલમમાં આમાં હવે પછી જોગવાઈ કર્યા પ્રમાણેની શિક્ષા થશે.

(૨) કોઈ વ્યકિતને પેટા-કલમ (૧) હેઠળ પ્રથમવાર દોષિત ઠરાવવામાં આવે, ત્યારે, ન્યાયાલયે તેને બે વર્ષ કરતાં ઓછી નહિ અને ત્રણ વર્ષ કરતાં વધારે નહિ તેટલી મુદત માટે કોઈ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખવાનો હુકમ કરવો જોઈશે.

(૩) કોઈ વ્યકિતને પેટા-કલમ (૧) હેઠળ બીજીવાર અથવા ત્યાર પછી દોષિત ઠરાવવામાં આવે ત્યારે, ન્યાયાલયે તેને દસ વર્ષની મુદત માટે કોઈ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખવાનો હુકમ કરવો જોઈશે અને ન્યાયાલય (બે વર્ષથી વધારે ન હોય એવી) આવી અટકમાં રાખવાની કોઈ મુદતને, ન્યાયાલય તેટલી મુદત માટેની કેદની સજામાં ફેરવી શકશે.

**ગુનાનો સંક્ષિપ્ત કાર્યવાહીથી ઈન્સાફ કરવા બાબત.**

૭. કલમ ૧૧ હેઠળના ગુના સિવાયના આ અધિનિયમ હેઠળના તમામ ગુનાનો સંક્ષિપ્ત કાર્યવાહીથી ઈન્સાફ કરવામાં આવશે.

**માતાપિતાએ ફાળો આપવા બાબત.**

૮. (૧) કલમ ૫ અથવા કલમ ૬ હેઠળ કોઈ પ્રમાણિત સંસ્થામાં કોઈ વ્યકિતને કોઈ અટકમાં રાખવાનો હુકમ કરનારી ન્યાયાલય તે વ્યકિતના માતાપિતાને અથવા તેનો નિભાવ કરવાને જવાબદાર હોય તેવી બીજી વ્યકિત તેનો નિભાવ કરી શકે તેમ હોય, તો તેનો નિભાવ કરવામાં ઠરાવેલી રીતે ફાળો આપવાનો તેને હુકમ કરી શકશે.

(૨) આવો કોઈ હુકમ કરતાં પહેલાં, ન્યાયાલયે તે વ્યકિતના માતાપિતાના અથવા તેના નિભાવ માટે જવાબદાર હોય તેવી બીજી વ્યકિતના સંજોગો વિષે તપાસ કરવી જોઈશે અને કાંઈ પુરાવો હોય, તો યથા પ્રસંગ, તેના માતાપતિાની અથવા આવી બીજી વ્યકિતની હાજરીમાં નોંધવો જોઈશે.

(૩) આ કલમ હેઠળ કરેલા કોઈ હુકમમાં, ન્યાયાલય, જવાબદાર હોય તેવા પક્ષકારે કરેલી અરજી ઉપરથી અથવા બીજી રીતે, ફેરફાર કરી શકશે.

**સન ૧૮૯૮નો ૫મો.**

(૪) આ કલમ હેઠળ કરેલા કોઈ હુકમનો અમલ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ની કલમ ૪૮૮ હેઠળના હુકમનો અમલ જે તે રીતે કરવામાં આવે છે તે જ રીતે થઈ શકશે.

**ભિખારી પર સંપૂર્ણપણે આધાર રાખતી વ્યકિતઓને ન્યાયાલય અટકમાં રાખવાનો હુકમ કરી શકશે.**

૯. (૧) ન્યાયાલયે, કલમ ૫ અથવા કલમ ૬ હેઠળ કોઈ વ્યકિતને કોઈ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખવાનો હુકમ કર્યો હોય, ત્યારે પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી ન્યાયાલયે જે બીજી કોઈ વ્યકિત તેવી વ્યકિત ઉપર સંપૂર્ણપણે આધાર રાખતી હોય તેને, કોઈ પ્રમાણિત સંસ્થામાં તેટલી જ મુદત માટે અટકમાં રાખવાનો હુકમ કરી શકશે:

પરંતુ આવો હુકમ કરતાં પહેલા, સદરહુ આશ્રિત વ્યકિતને તે હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવાની તક આપવી જોઈશે.

(૨) આશ્રિત વ્યકિત બાળક હોય, ત્યારે ન્યાયાલયે તેને બાળ ગુના કોર્ટ સમક્ષ મોકલવું જોઈશે અને બાળગુના ન્યાયાલયે તે બાળક મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૪૮નો કલમ ૪૦ના ખંડ (ક)માં વર્ણવ્યા પ્રમાણેની વ્યકિત હોય તેમ તે કલમ હેઠળ તે બાળકના સંબંધમાં તજવીજ કરવી જોઈશે: સન ૧૯૪૮ નો મુંબઈ નો ૭૧મો.

પરંતુ આશ્રિત વ્યકિત ભિખારીનું પોતાનું બાળક હોય, જે પાંચ વરસથી ઓછી ઉંમરનું હોય અને તે ભિખારી, ચેપ ફેલાવે તેવી રકતપિત્તવાળી અથવા પાગલ ન હોય તેવી સશકત શરીર ધરાવતી માતા હોય, ત્યારે અટકમાં રાખવાના સ્થળ બાબતમાં તે બાળક પાંચ વર્ષની ઉંમરનું થાય ત્યાંસુધી તેને માતાથી વિખુંટું પાડયા વગર કોઈ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખવાનો હુકમ કરી શકાશે અને ત્યારપછી આ પેટા-કલમમાં જોગવાઈ કર્યા પ્રમાણે તજવીજ કરી શકાશે.

(૩) આ કલમના હેતુ માટે ન્યાયાલય, જરૂર જણાય તો, આશ્રિત વ્યકિતને ગિરફતાર કરાવી પોતાની સમક્ષ રજૂ કરાવી શકશે અને તબીબી અધિકારી પાસે તેને તપાસાવી શકશે. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ની કલમ ૬૧ ની જોગવાઈઓ, આ પેટા-કલમ હેઠળ કરેલી દરેક ગિરફતારીને લાગુ પડશે અને પોલીસ સ્ટેશન અથવા વિભાગના હવાલો ધરાવતા અધિકારીએ ગિરફતાર કરેલી વ્યકિતને ન્યાયાલય સમક્ષ રજૂ કરી ન શકાય ત્યાંસુધી, તેને ઠરાવેલી રીતે રાખવાની વ્યવસ્થા કરવી જોઈશે. સન ૧૮૯૮ નો ૫મો.

**અસાધ્ય રોગથી પીડાતા નિરાધાર ભિખારીઓને વધુ વખત માટે અટકમાં રાખવાનો હુકમ કરવાની રાજ્ય-સરકારની સત્તા.**

૧૦. જે કોઈ વ્યકિતને કલમ ૫ અથવા કલમ ૬ અથવા કલમ ૯ હેઠળ કોઈ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખવામાં આવી હોય તે વ્યકિતને, તેણે પોતે રાજ્ય સરકારને કરેલી અરજી ઉપરથી અથવા બીજી રીતે રાજ્ય સરકાર, અંધ, અપંગ અથવા અનિવાર્ય રીતે અસહાય હોય એમ ગણે, ત્યારે રાજ્ય સરકાર એવો હુકમ કરી શકશે કે તેને અટકમાં રાખવાની મુદત પૂરી થયા પછી, તેને કોઈ પ્રમાણિત સંસ્થામાં અનિશ્ચિત મુદત માટે વધુ અટકમાં રાખવો જોઈશે:

પરંતુ જે કોઈ વ્યકિતને, રાજ્ય સરકાર યોગ્ય ગણે તે વ્યકિત, રાજ્ય સરકાર ફરમાવે તે પ્રમાણે જામીન સાથેનું અથવા જામીન વગરનું ખત કરી આપે અને તે ખતથી તે વ્યકિત તેવા નિવાસીને મકાનમાં રાખવા તથા તેને નિભાવવા માટે અને તે ભીખ ન માગે અથવા ભીખ માગવાના હેતુ માટે તેનો ઉપયોગ ન થાય તે માટે પોતે જવાબદારી લે, તો એવા કોઈ નિવાસીને રાજ્ય સરકાર છોડી મૂકી શકશે.

**વ્યકિતઓને ભીખ માંગવા માટે નોકરીએ રાખવા અથવા તેમની પાસે ભીખ મંગાવવા અથવા ભીખ મંગાવવાના હેતુ માટે તેમનો ઉપયોગ કરવા માટે શિક્ષા.**

૧૧. જે કોઈ વ્યકિત ભિક્ષા માગવાને અથવા તે લેવાને કોઈ વ્યકિતને નોકરીએ રાખે અથવા તેની પાસે તેમ કરાવે અથવા જે કોઈ વ્યકિતની કસ્ટડીમાં, હવાલામાં અથવા સંભાળ હેઠળ કોઈ બાળક હોય તે વ્યકિત તે બાળકને ભિક્ષા માગવાના અથવા તે લેવાના કામે રોકવામાં આવે તેમાં અથવા તેની પાસે તેમ કરાવવામાં આવે તેમાં મૂક સંમતિ અથવા ઉત્તેજન આપે અથવા જે કોઈ વ્યકિત ભીખ માગવાના હેતુ માટે પ્રદર્શનીય વસ્તુ તરીકે બીજી કોઈ વ્યકિતનો ઉપયોગ કરે, તેને દોષિત ઠર્યેથી ત્રણ વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા થશે, જે એક વર્ષથી ઓછી હોવી જોઈએ નહિ.

---

## પ્રકરણ ૩

### સ્વીકાર કેન્દ્રો અને પ્રમાણિત સંસ્થાઓ

**૧૧.** (૧) રાજ્ય સરકાર, પોતાને યોગ્ય જણાય તે સ્થળે અથવા સ્થળોએ એક અથવા તેથી વધારે સ્વીકાર કેન્દ્રોનો પ્રબંધ અને નિભાવ કરી શકશે અને આ અધિનિયમના હેતુઓ માટે કોઈ સંસ્થાને સ્વીકાર કેન્દ્ર તરીકે પ્રમાણિત કરી શકશે. **સ્વીકાર કેન્દ્રોની જોગવાઈ.**

(૨) એવું દરેક સ્વીકાર કેન્દ્ર સુપ્રિન્ટેન્ડન્ટના નિયંત્રણ હેઠળ રહેશે.

**૧૩.** (૧) રાજ્ય સરકાર, પોતાને યોગ્ય જણાય તે સ્થળે અથવા સ્થળોએ એક અથવા વધારે પ્રમાણિત સંસ્થાઓની જોગવાઈ અને નિભાવ કરી શકશે અને આ અધિનિયમના હેતુઓ માટે કોઈ સંસ્થાને પ્રમાણિત સંસ્થા તરીકે પ્રમાણિત કરી શકશે. એવી કોઈ પ્રમાણિત સંસ્થામાં ખેતી, ઔદ્યોગિક અને બીજા ધંધાના શિક્ષણ માટેનો તથા નિવાસીઓના સામાન્ય શિક્ષણ અને તબીબી સંભાળ માટેની જોગવાઈ થઈ શકશે. **પ્રમાણિત સંસ્થાઓની જોગવાઈ.**

(૨) એવી દરેક પ્રમાણિત સંસ્થા સુપ્રિન્ટેન્ડન્ટના ચાર્જમાં રહેશે.

**૧૪.** દરેક સ્વીકાર કેન્દ્ર અને દરેક પ્રમાણિત સંસ્થા માટે રાજ્ય સરકાર ઠરાવવામાં આવે તે રીતે એક મુલાકાત સમિતિ નીમશે. **મુલાકાત સમિતિઓ.**

**૧૫.** (૧) રાજ્ય સરકાર, જે કોઈ વિસ્તારમાં કલમ ૧ની પેટા-કલમ (૩)માં જોગવાઈ કરેલી રીતે આ અધિનિયમ અમલમાં આવ્યો હોય તે વિસ્તાર માટે એક સલાહકાર સમિતિ રચી શકશે, જેમાં રાજ્ય સરકાર નક્કી કરે તેવી એકવીસ કરતાં વધુ ન હોય તેટલી વ્યકિતઓ રહેશે: **સલાહકાર સમિતિઓ.**

પરંતુ કોઈ સ્થાનિક સંસ્થાની હકૂમત હેઠળના વિસ્તારના ભિખારીઓને જે પ્રમાણિત સંસ્થાઓમાં અટકમાં રાખવામાં આવતા હોય તે પ્રમાણિત સંસ્થાઓના નિભાવ માટે રાજ્ય સરકાર, દરેક દાખલામાં યોગ્ય ગણે તેવી નાણાંકીય સહાય આપવાનું તે સ્થાનિક સત્તા મંડળે કબૂલ કર્યું હોય, ત્યારે રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેટલી તે વિસ્તાર માટે સ્થાનિક સત્તા મંડળનું પ્રતિનિધિત્વ ધરાવતી વ્યકિતઓને સલાહકાર સમિતિમાં નીમશે.

(૨) કોઈ સ્થાનિક વિસ્તારમાં પેટા-કલમ (૧) હેઠળ રચેલી સલાહકાર સમિતિ અથવા તેનો કોઈ સભ્ય તમામ વ્યાજબી સમયે અને સુપ્રિન્ટેન્ડન્ટને યોગ્ય નોટિસ આપ્યા પછી, તે વિસ્તારમાંથી ભિખારીઓને જે કોઈ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખવામાં આવતા હોય તે કોઈ પ્રમાણિત સંસ્થાની મુલાકાત લઈ શકશે.

(૩) વળી સલાહકાર સમિતિ—

(ક) કોઈ પ્રમાણિત સંસ્થાને મુખ્ય નિરીક્ષક મારફત અથવા રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તે બીજા અધિકારી મારફત તે સંસ્થાના વહીવટ અંગે સલાહ આપી શકશે;

(ખ) સ્થાનિક વિસ્તારમાં આવેલી અથવા તે વિસ્તારમાંથી જ્યાં ભિખારીઓને અટકમાં રાખવામાં આવતા હોય તેવી તમામ પ્રમાણિત સંસ્થાઓ અથવા તે પૈકી કોઈ સંસ્થાના આવર્તક તેમજ અનાવર્તક ખર્ચ માટે ફાળો ઉઘરાવી શકશે, અને ઉઘરાવેલો ફાળો ઠરાવેલી રીતે ખર્ચી શકશે;

(ગ) સ્થાનિક વિસ્તારની અંદર કોઈ સંસ્થાને પ્રમાણિત સંસ્થા તરીકે પ્રમાણિત કરવા સંબંધમાં અથવા કોઈ પ્રમાણિત સંસ્થાને અપ્રમાણિત કરવા સંબંધમાં મુખ્ય નિરીક્ષક મારફત રાજ્ય સરકારને સલાહ આપી શકશે;

(ઘ) સામાન્ય રીતે તે વિસ્તારમાં આ અધિનિયમના અમલના સંબંધમાં અને ખાસ કરીને મુખ્ય નિરીક્ષકે અથવા રાજ્ય સરકારે નિર્દિષ્ટ કરેલા બીજા કોઈ અધિકારીએ તેને મોકલેલા કોઈ મુદ્દા પર રાજ્ય સરકારને સલાહ આપી શકશે.

**સ્થાનિક સંસ્થાઓએ ફાળો આપવા બાબત અને તેવા ફાળાની વસૂલાત બાબત.**

૧૬. (૧) તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, જે કોઈ પ્રમાણિત સંસ્થાના નિભાવ માટે નાણાંની અમુક રકમ આપવાનું કબૂલ કર્યું હોય તેવી કોઈ સ્થાનિક સંસ્થાએ તે રકમ, રાજ્ય સરકારને તે માટે ઠરાવેલી તારીખ પહેલાં ભરવી જોઈશે.

(૨) કોઈ સ્થાનિક સત્તામંડળ ઠરાવેલી તારીખ પહેલાં કોઈ રકમ આપે નહિ, તો જે કોઈ વ્યક્તિ સ્થાનિક સત્તામંડળના અધિકારી, કોષાધ્યક્ષ, બેન્કર તરીકે અથવા બીજી રીતે તે સ્થાનિક સત્તા મંડળ વતી તે સમયે કાંઈ નાણાં પોતાની કસ્ટડીમાં રાખતી હોય તે વ્યક્તિને, તેને હસ્તક જે નાણાં હોય અથવા તેને વખતોવખત જે નાણાં મળે તેમાંથી અમુક રકમ રાજ્ય સરકારમાં ભરવાનો હુકમ કરી શકશે અને એવી વ્યક્તિ તે હુકમનું પાલન કરવાને બંધાયેલી રહેશે. તે હુકમ અનુસાર રકમ ચૂકવવામાં આવ્યેથી તે વ્યક્તિ, તે રીતે પોતાને હસ્તક રહેલા સ્થાનિક સત્તામંડળના નાણાંમાંથી તેણે ચૂકવેલી રકમ સંબંધમાં તેની સ્થાનિક સત્તામંડળ પ્રત્યેની તમામ જવાબદારીમાંથી સંપૂર્ણ રીતે છૂટી થયેલી ગણાશે.

**મુખ્ય નિરીક્ષક, અધિક મુખ્ય નિરીક્ષક, નિરીક્ષકો, મદદનીશ નિરીક્ષકો અને પ્રોબેશન અધિકારીઓની નિમણૂંક.**

૧૭. (૧) આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે રાજ્ય સરકાર, પ્રમાણિત સંસ્થાઓનો એક મુખ્ય નિરીક્ષક, પ્રમાણિત સંસ્થાઓનો એક અધિક મુખ્ય નિરીક્ષક, એક નિરીક્ષક અને મુખ્ય નિરીક્ષકને સહાય કરવા માટે પોતાને ઉચિત લાગે તેટલા મદદનીશ નિરીક્ષકો અને પ્રોબેશન અધિકારીઓ નીમી શકશે; અને મુખ્ય નિરીક્ષકને સહાય કરવા માટે એ રીતે નીમેલી દરેક વ્યક્તિને રાજ્ય સરકાર ફરમાવે તેવી મુખ્ય નિરીક્ષકની સત્તા રહેશે અને રાજ્ય સરકાર ફરમાવે તેવી મુખ્ય નિરીક્ષકની ફરજો તે બજાવશે પરંતુ તેણે મુખ્ય નિરીક્ષક ફરમાવે તે પ્રમાણે કામ કરવું જોઈશે.,

(૨) મુખ્ય નિરીક્ષકે, નિરીક્ષકે, મદદનીશ નિરીક્ષકે અથવા પ્રોબેશન અધિકારીએ દરેક સ્વીકાર કેન્દ્રની અને પ્રમાણિત સંસ્થાની દર છ મહિને ઓછામાં ઓછી એક વખત તપાસણી કરવી જોઈશે.

**સ્વીકાર કેન્દ્રો અને પ્રમાણિત સંસ્થાઓમાં ઝડતી લેવા બાબત.**

૧૮. સ્વીકાર કેન્દ્રના અથવા પ્રમાણિત સંસ્થાના સુપ્રિન્ટેન્ડન્ટ એવો હુકમ કરી શકશે કે સ્વીકાર કેન્દ્રમાં અથવા પ્રમાણિત સંસ્થામાં સ્વીકારેલી કોઈ વ્યક્તિની ઝડતી લેવી, તેને સ્વચ્છ કરવી, તેની અંગત વસ્તુઓની તપાસણી કરવી; અને તે વ્યક્તિની પાસે અથવા તેના શરીર પરથી મળેલાં કાંઈ નાણાં અથવા કિંમતી ચીજો એવા સુપ્રિન્ટેન્ડન્ટની કસ્ટડીમાં રાખવી અને એ રીતે મળેલાં નાણાં અથવા કિંમતી ચીજો સિવાયની બીજી કોઈ વસ્તુઓનો ઠરાવેલી રીતે નિકાલ કરવો. ન્યાયાલય એવી કોઈ વ્યક્તિ સામે અટકમાં રાખવાનો હુકમ કરે, ત્યારે સુપ્રિન્ટેન્ડન્ટ એવો હુકમ કરી શકશે કે તે વ્યક્તિ પાસેથી અથવા તેના શરીર પરથી મળેલાં કંઈ, નાણાં અથવા કિંમતી ચીજોનો ઠરાવેલી રીતે નિકાલ કરવો. ન્યાયાલય, આવી કોઈ વ્યક્તિના સંબંધમાં અટકમાં રાખવાના હુકમ સિવાય બીજો કોઈ હુકમ કરે ત્યારે તેના નાણાં અને કિંમતી ચીજો તેને પાછી આપવી અને તેનાં કપડાંનો નાશ કરવામાં આવ્યો હોય, તો તેને નવા કપડાં પૂરાં પાડવાં આવાં કપડાં આપવાનું ખર્ચ રાજ્ય વિધાનમંડળે જોગવાઈ કરેલા નાણાંમાંથી આપવું જોઈશે;

પરંતુ સ્ત્રીની ઝડતી કોઈ સ્ત્રી મારફતે જ અને શિષ્ટતાનો યોગ્ય ખ્યાલ રાખીને લેવડાવવી જોઈએ.

૧૯. આ અધિનિયમ હેઠળ સ્વીકાર કેન્દ્રો અને પ્રમાણિત સંસ્થામાં મોકલેલી અથવા અટકમાં રાખેલી વ્યકિતઓ, વખતો વખત ઠરાવવામાં આવે તેવા વ્યવસ્થા અને શિસ્તના નિયમો, જેમાં શારીરિક કામ અથવા બીજા કામ કરાવવાનો અને તેવા કોઈ નિયમના ભંગ માટે શિક્ષા કરવાનો સમાવેશ થાય છે, તેને આધીન રહેશે.

**વ્યવસ્થા અને શિસ્ત.**

૨૦. (૧) આની તરત પહેલાની કલમ હેઠળ શિસ્તનાં જે કાંઈ પગલાં લેવામાં આવે તેને બાધ આવ્યા સિવાય, પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખેલી જે કોઈ વ્યકિત તે કલમમાં ઉલ્લેખેલા કોઈ તેના નિયમની હંમેશાં કરે અને જાણીબૂજીને અવજ્ઞા કરે અથવા તેવા નિયમનુ પાલન કરવામાં ગફલત કરે સંબધમાં મુખ્ય નિરીક્ષક, નિરીક્ષક અથવા સુપ્રિન્ટેન્ડન્ટ ન્યાયાલયને રિપોર્ટ કરી શકશે અને તેમ થયે, ન્યાયાલયને એવી ખાતરી થાય કે તે વ્યકિતએ આવા કોઈ નિયમની જાણી બુજીને અવજ્ઞા કરી છે અથવા તેનું પાલન કરવામાં ગફલત કરી છે, તો કોઈ પ્રમાણિત સંસ્થામાં તેને અટકમાં રાખવાની બાકીની મુદતને અથવા તેના કોઈ ભાગને કેદની મુદતમાં તે ફેરવી શકશે.

**શિસ્તપાલનના ભંગ માટે.**

(૨) ઉપર જણાવ્યા પ્રમાણે કરવામાં આવેલો કેદની સજાનો અમલ કલમ ૬ હેઠળ કરેલી સજાનો અમલ જે રીતે કરવામાં આવે છે તે રીતે જ કરવો જોઈશે.

૨૧. (૧) ઠરાવેલી શરતોને અધીન રહીને, મુખ્ય નિરીક્ષક કોઈ સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થામાં અટકમા રાખેલી કોઈ વ્યકિતને, તેમાંથી રાજ્યના બીજા સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થામાં બદલવાનો આદેશ કરી શકશે:

પરંતુ આવી વ્યકિતને અટકમાં રાખવાની કુલ મુદત, કોઈપણ પ્રસંગે, આવી બદલીથી વધવી જોઈએ નહિ.

(૨) આવી બદલીનો આદેશ કરતી વખતે મુખ્ય નિરીક્ષકે, તબીબી પ્રમાણપત્ર તથા કલમ ૨૬ મુજબ રાજ્ય સરકારે અથવા ન્યાયાલયે, કોઈ આદેશ કર્યા હોય, તો તે લક્ષમાં લેવાં જોઈશે.

**એકસ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થામાંથી બીજા સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થામાં બદલી.**

૨૨. (૧) ઠરાવવામાં આવી હોય તે શરતોને અધીન રહીને;

**લાઈસન્સ પર છૂટકારો.**

(ક) મુખ્ય નિરીક્ષક અથવા પ્રમાણિત સંસ્થાના સુપ્રિન્ટેન્ડન્ટ કોઈ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખેલી કોઈ વ્યકિતને કોઈપણ સમયે ટુંકી મુદતો માટે ગેરહાજર રહેવાની પરવાનગી આપી શકશે, અને

(ખ) મુખ્ય નિરીક્ષક આવી વ્યકિતને કોઈપણ સમયે અમુક શરતે છોડી મૂકી શકશે અને તે માટે તેને લાઈસન્સ કાઢી આપી શકશે.

(૨) આવું કોઈ લાઈસન્સ, જે મુદત માટે તે વ્યકિતને પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે મુદત પૂરી ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે, સિવાય કે તે લાઈસન્સ તે પહેલાં રદ કરવામાં આવ્યું હોય.

(૩) આવી વ્યકિત ઉપર જણાવ્યા, પ્રમાણેની પરવાનગી અથવા લાઈસન્સથી પ્રમાણિત સંસ્થામાં ગેરહાજર રહી હોય તે મુદત, પ્રમાણિત સંસ્થામાં તેને અટકમાં રાખવાની મુદતની ગણતરી કરવાના હેતુ માટે, તે અટકની મુદતનો ભાગ છે એમ ગણાશે.

૨૩. (૧) ઠરાવવામાં આવી હોય તે શરતોને આધીન રહીને, મુખ્ય નિરીક્ષક કોઈપણ સમયે કલમ ૨૨ હેઠળ આપેલુ લાઈસન્સ રદ કરી શકશે અને તેમ થયે, છોડી મૂકેલી વ્યકિતને જે મુદત માટે તેને અટકમાં રાખવાના હુકમ કરવામાં આવ્યો હોય તે મુદત પૂરી થાય ત્યાંસુધી, પ્રમાણીત સંસ્થામાં અટકમાં રાખવી જોઈશે.

**લાઈસન્સ રદ કરવા બાબત.**

(૨) આ કલમના હેતુ માટે, મુખ્ય નિરીક્ષક, જરૂર જણાય તો છોડી મૂકેલી વ્યકિતને ગિરફતાર કરી શકશે અને અટકમાં રાખવાના હુકમની નકલ સાથે તેને નજીકમાં નજીકના સ્વીકાર કેન્દ્રમાં મોકલાવી શકશે અને તેમ થયે, કલમ ૨૫ ની પેટા-કલમ (૧) ની જોગવાઈઓ શક્ય હોય તેટલે સુધી, લાગુ પડશે.

બિન શરતી છૂટકારો.

૨૪. કલમ ૨૨ હેઠળ લાઈસન્સ ઉપર કોઈ વ્યકિતનો છૂટકારો થયાની શરૂઆતથી ત્રણ મહિના પૂરા થાય તે પછી કોઈપણ સમયે, મુખ્ય નિરીક્ષકને એવી ખાતરી થાય કે આવી વ્યકિત ભીખ માંગશે નહિ એવો સંભવ છે, તો તે તેના બિન-શરતી છૂટકારા માટે રાજ્ય સરકારને ભલામણ કરી શકશે. આવી ભલામણ ઉપરથી રાજ્ય સરકાર, આવી વ્યકિતને બિન શરતે છોડી મૂકશે અને તેમ થયે, જે મુદત માટે આવી વ્યકિતને કોઈ પ્રમાણિત સંસ્થામાં અટકમા રાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે મુદત પૂરી થઈ છે એમ ગણાશે.

---

## પ્રકરણ ૪

### પ્રકીર્ણ

અટકમાં રાખવાનો અથવા કેદની સજાનો હુકમ કરવામાં આવે ત્યારે અનુસરવાની કાર્યરીતિ.

૨૫. (૧) પેટા-કલમ (૨) ની જોગવાઈઓને અધીન રહીને, કોઈ વ્યકિતને કલમ ૫ અથવા કલમ-૬ અથવા કલમ ૯ હેઠળ કોઈ પ્રમાણિત સંસ્થામાં અટકામાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે જે ન્યાયાલયે અટકમાં રાખવાનો હુકમ કર્યો હોય તે ન્યાયાલયે, તેને, અટકમાં રાખવાના હુકમની નકલ સાથે સૌથી નજીકમાં નજીકના સ્વીકાર કેન્દ્રમાં તરત મોકલી આપવી જોઈશે. તેમ થયે, તે વ્યકિતને સ્વીકાર કેન્દ્રના સુપ્રિન્ટેન્ડન્ટની કસ્ટડીમાં સોંપવી અને તેને તેમાંથી કોઈ પ્રમાણિત સંસ્થામાં મોકલવામાં ન આવે ત્યાં સુધી, સ્વીકાર કેન્દ્રમાં અટકમાં રાખવી જોઈશે.

(૨) આવી કોઈ વ્યકિતને કેદની સજા પણ કરવામાં આવી હોય, ત્યારે કેદની સજા કરનાર ન્યાયાલયે જે જેલમાં તેને પૂરવાનો હોય તે જેલ ઉપર તરત વૉરન્ટ મોકલવું જોઈશે. અને તેને અટકમાં રાખવાના હુકમની નકલ સહિત વૉરન્ટ સાથે તેવી જેલમાં મોકલી આપવી જોઈશે. કેદની સજાનો પૂરેપૂરો અમલ કરવામાં આવે ત્યાર પછી, તેનો અમલ કરનાર અધિકારીએ, આવી વ્યકિતને કોઈ પ્રમાણિત સંસ્થામાં કોઈ મુદત માટે અટકમાં રહેવાનું બાકી હોય, તો તેને અટકમાં રાખવાના હુકમની નકલ સાથે નજીકમાં નજીકના સ્વીકાર કેન્દ્રમાં તરત મોકલવી આપવી જોઈશે. અને તેમ થયે, પેટા-કલમ (૧) ની જોગવાઈઓ, શક્ય હોય તેટલે સુધી, લાગુ પડશે.

(૩) જે મુદત માટે કોઈ વ્યકિતને કોઈ પ્રમાણિત સંસ્થામાં અટકામાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે મુદતની ગણતરી કરતી વખતે, જે મુદત માટે આ કલમ હેઠળ તેને સ્વીકાર કેન્દ્રમાં અટકમાં રાખવામાં આવી હોય તે મુદતનો સમાવેશ થશે.

રકતપિત્તના દરદીઓ અને પાગલ માણસોની તબીબી તપાસ અને તેમને અટકમાં રાખવા બાબત.

૨૬. (૧) રાજ્ય સરકારને એમ લાગે કે ન્યાયાલયના કોઈ હુકમ મુજબ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખેલો કોઈ ભિખારી અસ્થિર મગજનો અથવા રકતપિત્તીયો છે, ત્યારે રાજ્ય સરકાર, ભિખારી અસ્થિર મગજનો છે. અથવા રકતપિત્તિયો છે. એમ માનવાનાં કારણો જણાવતાં હુકમ દ્વારા તેને મનોરોગ હોસ્પિટલ અથવા રકતપિત્તિયાના આશ્રમ અથવા સુરક્ષીત જગામાં ખસેડવાનું અને તેને જે મુદત માટે અટકમાં રાખાવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે મુદતના બાકીના ભાગ દરમિયાન અથવા તે મુદત પૂરી થયા પછી કોઈ તબીબી અધિકારીએ એવું પ્રમાણપત્ર આપ્યું હોય કે ભિખારીની અથવા બીજાઓની સલામતી માટે તેને વધુ સમય તબીબી સંભાળ અથવા સારવાર હેઠળ રાખવો જરૂરી છે. તો તેને કાયદા અનુસાર છૂટો કરવામાં ન આવે ત્યાં સુધી, રાજ્ય સરકાર જણાવે તે પ્રમાણે ત્યાં રાખવાનું અને તેની સારવાર કરવાનું ફરમાવી શકશે.

(૨) રાજ્ય સરકારને એમ લાગે કે ભિખારી અસ્થિર મગજનો હોતો બંધ થયો છે અથવા તે રક્તપિત્તોમાંથી સાજો થયો છે, તે પ્રસંગે રાજ્ય સરકારે, ભિખારીને કસ્ટડીમાં રાખવાની હજુ જરૂર હોય, તો તેનો હવાલો ધરાવતી વ્યક્તિ ઉપર હુકમ કાઢીને ફરમાવવું કે જ્યાંથી તેને ખસેડવામાં આવ્યો હોય તે પ્રમાણિત સંસ્થામાં તેને મોકલવો અથવા ભિખારીને વધુ સમય કસ્ટડીમાં રાખવાની જરૂર ન હોય, તો તેને છૂટો કરવાનો હુકમ કરવો.

સન ૧૯૧૨ નો૪થો. સન ૧૮૯૮ નો૩જો.

(૩) ભારતના પાગલપણા બાબતના અધિનિયમ, ૧૯૧૨ની કલમ ૩૧ના અથવા રક્તપિત્તિયા બાબતના અધિનિયમ, ૧૮૯૮ની કલમ ૧૪[ની પેટા-કલમ (૨) ની જોગવાઈઓને અધીન રહીને]ની જોગવાઈઓ, જે મુદત માટે ભિખારીને અટકમાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હતો તે મુદત પૂરી થયા પછી, પેટા-કલમ (૧) હેઠળ મનોરોગ હોસ્પિટલ અથવા રક્તપિત્તિયાના આશ્રમમાં રાખેલા દરેક ભિખારીને લાગુ પડશે; અને તે ભિખારીને જે સમય તે પેટા-કલમ મુજબ મનોરોગ હોસ્પિટલમાં અથવા રક્તપિત્તિયાના આશ્રમમાં રાખવામાં આવ્યો હોય તે સમયને, ન્યાયાલયે તેને જે મુદત માટે અટકમાં રાખવા માટે હુકમ કર્યો હોય તે મુદતના ભાગ તરીકે ગણવો :

સન ૧૯૧૨ નો૪થો સન ૧૮૯૮ નો૩જો.

પરંતુ મગજની અસ્થિરતાને અથવા રક્તપિત્તને લીધે ભિખારીને ખસેડવાનું તાત્કાલિક જરૂર હોય, ત્યારે ભિખારીને જ્યાં અટકમાં રાખવામાં આવ્યો હોય તે સંસ્થાના અધિકારીઓ, તે બાબતમાં રાજ્ય સરકારના હુકમો મેળવી શકાય તેટલા સમય પૂરતો તે ભિખારીને, મનોરોગ હોસ્પિટલમાં અથવા રક્તપિત્તિયના આશ્રમમાં રાખવાના તાત્કાલિક હુકમ માટે, યથા પ્રસંગ, ભારતના પાગલપણા બાબતના અધિનિયમ, ૧૯૧૨ અથવા રક્તપિત્તિયા બાબતના અધિનિયમ, ૧૮૯૮ મુજબ હકૂમત ધરાવતી ન્યાયાલયને અરજી કરી શકશે.

**સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થામાંથી નાસી છૂટતી વ્યક્તિની ગિરફતારી.**

૨૭. જે કોઈ વ્યક્તિ કોઈ સ્વીકાર કેન્દ્રોમાંથી અથવા પ્રમાણિત સંસ્થામાંથી તેના સુપ્રિન્ટેન્ડન્ટની પરવાનગી વગર જતી રહે અથવા કલમ ૨૨ની પેટા-કલમ (૧) હેઠળ પરવાનગી આપેલી ગેરહાજરીની મુદત પૂરી થયા પછી, ત્યાં પાછી આવે નહિ, તેને કોઈ પોલીસ અધિકારી, વૉરન્ટ વિના અથવા સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થાના જે અધિકારીને રાજ્ય સરકારે આ અર્થે અધિકૃત કરેલા હોય તે અધિકારી ગિરફતાર કરી શકશે અને યથા પ્રસંગ, સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થામાં તેને પાછી મોકલી શકશે.

**પ્રમાણિત સંસ્થા અને ભારતના જુદા જુદા ભાગોમાંની એવા પ્રકારની સંસ્થાઓ વચ્ચે બદલી.**

૨૮. (૧) રાજ્ય સરકાર, પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખેલી કોઈ વ્યક્તિને, તેમાંથી ભારતના બીજા કોઈ ભાગમાં આવેલી કોઈ સંસ્થા, જેના સંબંધમાં તે ભાગની રાજ્ય સરકારે તેમાં અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ [1][ગુજરાત રાજ્યમાં] થયેલી જોગવાઈને મળતી આવતી જોગવાઈ કરી હોય, તેમાં બદલવાનો આદેશ કરી શકશે:

પરંતુ કોઈ વ્યક્તિને આ કલમ હેઠળ બીજા કોઈ રાજ્યમાં બીજા રાજ્ય સરકારની સંમતિ વગર બદલી શકાશે નહિ.

(૨) રાજ્ય સરકાર કોઈ પ્રમાણિત સંસ્થાના સુપ્રિન્ટેન્ડન્ટની સાથે વિચાર વિનિમય કરીને જે કોઈ વ્યક્તિના સંબંધમાં તેને કોઈ પ્રમાણિત સંસ્થા અથવા પ્રકારની બીજી કોઈ સંસ્થામાં અટકમાં રાખવાનું ફરમાવતો આ અધિનિયમ હેઠળના હુકમના પ્રકારનો અટકમાં રાખવાનો હુકમ, ભારતના બીજા કોઈપણ ભાગમાં યોગ્ય સત્તાધિકારીએ કર્યો હોય તેને તે સંસ્થામાં બદલવાને સંમતિ આપી શકશે અને આ રીતે બદલવામાં આવે એટલે આ અધિનિયમની જોગવાઈઓ એવી વ્યક્તિને લાગુ પડશે.

**આંગળાની છાપ લેવાની સત્તા.**

૨૯. (૧) આ અધિનિયમ હેઠળ જેને કોઈ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે દરેક વ્યક્તિએ, જ્યાં પોલીસ કમિશનર નીમવામાં આવ્યા હોય તે કોઈ વિસ્તારમાં, પોલીસ કમિશનરને અથવા આ માટે તેણે અધિકાર આપેલા કોઈ અધિકારીને અને

---

૧. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી અસલને બદલે આ શબ્દો મૂકયા છે.

બીજે સ્થળે, જિલ્લા મેજીસ્ટ્રેટને અથવા આ માટે તેણે અધિકાર આપેલા કોઈ અધિકારીને કોઈ-પણ સમયે પોતાના આંગળાંની છાપ લેવા દેવી પડશે.

(૨) જે કોઈ વ્યકિત પેટા-કલમ (૧) હેઠળ પોતાનાં આંગળાંની છાપ લેવા દેવાની ના પાડે તે, વ્યકિત દોષિત ઠર્યેથી, કોઈ પ્રમાણિત સંસ્થામાં ત્રણ મહિના કરતાં વધુ ન હોય તેવી તેને અટકમાં રાખવાની મુદત, તેટલી જ મુદત સુધીની કેદની મુદતમાં ફેરવવાને પાત્ર થશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ કરવામાં આવેલા કેદની સજાના હુકમનો અમલ, કલમ ૬ હેઠળ કરેલી સજાનો અમલ જે રીતે કરવામાં આવે છે તે રીતે જ કરવો જોઈશે.

**ભિક્ષા મેળવવા અથવા કઢાવવા માટે ખુલ્લા મૂકેલા અથવા પ્રદર્શિત કરેલા પશુઓને પકડવા તથા તેમનો નિકાલ કરવા બાબત.**

૩૦. (૧) ભીખ માગતી માલુમ પડેલી કોઈ વ્યકિતને કલમ ૪ની પેટા-કલમ (૧) હેઠળ ગિરફતાર કરનાર કોઈ પોલીસ અધિકારી અથવા બીજી વ્યકિત, ભિક્ષા મેળવવા અથવા કઢાવવાના ઉદ્દેશથી તે વ્યકિતએ, જે કોઈ પશુનું ચાંદું, ઘા, ઈજા, ખોડ અથવા રોગ ખુલ્લો મૂકયો હોય અથવા પ્રદર્શિત કર્યો હોય તે કોઈ પશુને પકડી શકશે.

(૨) ગિરફતાર કરનાર પોલીસ અધિકારી અથવા બીજી વ્યકિત એવા પશુને ન્યાયાલય સમક્ષ રજૂ કરવામાં ન આવે ત્યાંસુધી તેને પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૮૯૦ની કલમ ૬ખ હેઠળ નક્કી કરેલી અશકત પશુઓ રાખવાની જગામાં રાખવાનો હુકમ કરી શકશે.

(૩) ભીખ માગતી માલુમ પડેલી વ્યકિતને જે ન્યાયાલય સમક્ષ લાવવામાં આવે તે ન્યાયાલય એવો આદેશ કરી શકશે કે તે પશુ એવી અશકત પશુઓ રાખવાની જગામાંથી છોડી મૂકવાને યોગ્ય ન થાય ત્યાં સુધી, ત્યાં તેનો ઉપચાર કરી સંભાળ રાખવી અથવા તેને પાંજરાપોળમાં મોકલવું અથવા જ્યાંથી તે પશુ મળ્યું હોય તે વિસ્તારના હવાલો ધરાવતા પશુરોગ અધિકારી અથવા [1]પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૮૯૦ની કલમ ૧૫ મુજબ કરેલા નિયમોથી અધિકૃત કરવામાં આવ્યો હોય તેવા બીજા પશુરોગ અધિકારી એવું પ્રમાણિત કરે કે તેનો રોગ અસાધ્ય છે અથવા ક્રૂરતા દૂર કર્યા સિવાય તેને ખસેડી શકાય તેમ નથી, તો તેનો નાશ કરવો; અને ન્યાયાલય એવો પણ હુકમ કરી શકશે કે અશકત પશુઓને રાખવાની જગામાંથી છોડી મૂકવામાં આવ્યા પછી, તે પશુને પકડી લેવું.

**સન૧૯૮૦નો ૧૧મો.**

(૪) અશકત પશુઓ રાખવાની કોઈ જગામાં સંભાળ અને ઉપચાર માટે મોકલવામાં આવેલા પશુને, ન્યાયાલય તેને પાંજરાપોળમાં મોકલવાનો અથવા તેનો નાશ કરવાનો આદેશ કરે નહિ તો તેને એવી જગામાંથી છોડી મૂકવું નહિ, સિવાય કે જે વિસ્તારમાં અશકત પશુઓ રાખવાની જગા આવેલી હોય તે વિસ્તારના હવાલો ધરાવતા પશુરોગ અધિકારીએ અથવા પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૮૯૦ની કલમ ૧૫ હેઠળ કરેલા નિયમોથી અધિકૃત કરવામાં આવ્યા હોય તેવા બીજા પશુરોગ અધિકારીએ તેને છોડી મૂકવા માટેના યોગ્યતાના પ્રમાણપત્ર ઉપરથી તેમ કરવામાં આવ્યું હોય.

**સન ૧૯૮૦નો ૧૧મો.**

**ગુનાઓ પોલીસ અધિકારના અને જામીન લઈ શકાય નહિ તેવા ગણાશે.**

૩૧. આ અધિનિયમની કલમો ૬ અને ૧૧ હેઠળના ગુના પોલીસ અધિકારના અને જામીન લઈ શકાય નહિ તેવા ગણાશે.

---

૧. સન ૧૯૬૦ નો ભારતનો ૫૯મો અધિનિયમ પણ જુઓ.

સન ૧૮૫૦ નો ૪થો. ૩૨. આ અધિનિયમથી કોઈ કાર્ય બજાવવાને સત્તા આપેલી તમામ વ્યકિતએ ભારતના ફોજદારી અધિનિયમના અર્થ મુજબ રાજ્ય સેવકો ગણાશે. અમુક વ્યકિત-ઓ રાજ્ય-સેવકો ગણાશે.

૩૩. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ના પ્રકરણ ૪૨ની જોગવાઈઓ, શકય હોય તેટલે સુધી, આ અધિનિયમ હેઠળ લીધેલા ખતોને લાગુ પડશે. સન૧૮૯૮ ના ૫મા અધિનિયમ હેઠળ લીધેલાં ખતો બાબત.

૩૪. ફોજદારી કાર્યરીતિ, અધિનિયમ, ૧૮૯૮ હેઠળની અપીલ અને ફેરતપાસના હેતુઓ માટે, આ અધિનિયમ હેઠળ અટકમાં રાખવાનો હુકમ (કલમ ૫ મુજબના અટકમાં રાખવાના હુકમ સહિત) તેટલી જ મુદતની કેદની સજાના હુકમ તરીકે ગણાશે. અપીલ.

૩૫. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને અને પૂર્વ પ્રસિદ્ધિની શરતને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ સિદ્ધ કરવા માટે, નિયમો કરી શકશે. નિયમો.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોમાં નીચેની તમામ બાબતો અથવા તે પૈકી કોઈ બાબત માટે જોગવાઈ કરી શકાશે :—

(ક) કલમ ૨ની પેટા-કલમ (૧) ના ખંડ (૧) હેઠળ કોઈ હેતુ અધિકૃત કરવાની રીત;

(ખ) કલમ ૪ની પેટા-કલમ (૩) અથવા કલમ ૯ હેઠળ ગિરફતાર કરેલી વ્યકિતઓને રાખવાની રીત;

(ગ) કલમ ૫ની પેટા-કલમ (૧) હેઠળ સંક્ષિપ્ત કાર્યવાહીથી, તપાસ કરવાની રીત;

(ઘ) કલમ ૮ની પેટા-કલમ (૧) હેઠળ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખેલી કોઈ વ્યકિતના નિભાવ માટેનો ફાળો આપવાનો હુકમ કેવી રીતે કરી શકાય તે ;

(ચ) કલમ ૧૪ હેઠળ મુલાકાત સમિતિ નીમવાની રીત ;

(છ) સલાહકાર સમિતિઓએ કરવાના કાર્યનું સંચાલન;

(જ) કલમ ૧૬ની પેટા-કલમ (૧) હેઠળ કઈ તારીખ પહેલાં રકમ ભરવી જોઈએ તે;

(ઝ) કલમ ૧૮માં ઉલ્લેખેલી વસ્તુઓ અને નાણાં અને કિંમતી ચીજોનો કઈ રીતે નિકાલ કરવો તે;

(ટ) શારીરિક કામ અથવા બીજું કામ કરાવવા અને આ ખંડ હેઠળ કરેલા કોઈ નિયમના ભંગ બદલ શિક્ષા કરવા સહિત સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખેલી વ્યકિતઓની વ્યવસ્થા અને શિસ્ત;

(ઠ) જે શરતોને અધીન રહીને, કલમ ૨૧ હેઠળ મુખ્ય નિરીક્ષક બદલીનો આદેશ કરે તે શરતો;

(ડ) જે શરતોને અધીન રહીને, કલમ ૨૨ હેઠળ કોઈ વ્યકિતને લાઈસન્સ આપીને છોડી મૂકી શકાય તે શરતો ;

(ઢ) જે શરતોને અધીન રહીને, કલમ ૨૩ હેઠળ લાઈસન્સ રદ કરી શકાય તે શરતો;

(ત) ભિખારીઓની તબીબી તપાસ કરવાની રીત;

(થ) ઠરાવવાની જરૂર હોય અથવા ઠરાવવામાં આવે તેવી બીજી કોઈ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછી ત્રીસ દિવસની મુદત સુધી વિધાનમંડળ ૧ * * * સમક્ષ મૂકવામાં આવશે અને જે બેઠકમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવે તેમાં અથવા ત્યારપછીની તરતની બેઠકમાં, વિધાનમંડળ તેમાં જે કાંઈ ફેરફાર કરે તેને અધીન રહેશે.

**મુશ્કેલીઓ દૂર કરવા બાબત.**

૩૬. અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કંઈ મુશ્કેલી ઊભી થાય, તો રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને તે મુશ્કેલી દૂર કરવા માટે તેને જરૂરી લાગે તેવી જોગવાઈ કરી શકશે અથવા તેવો આદેશ આપી શકશે.

---

૧. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી "ના દરેક ગૃહ" એ શબ્દો કાઢી નાંખ્યા છે.

## અનુસૂચિ

[જુઓ કલમ ૧ (૪) ]

| નંબર અને વર્ષ | ટૂંકી સંજ્ઞા | કેટલે સુધી રદ કર્યો તે |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| સન ૧૯૪૫ ના મુંબઈનો ૨૩મો | મુંબઈ ભિક્ષુક અધિનિયમ, ૧૯૪૫ | સમગ્ર. |
| સન ૧૯૫૧નો મુંબઈનો ૨૨મો | મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ | કલમ ૧૧૪. |
| સન ૧૩૫૦ ફ. નો હૈદરાબાદ અધિનિયમ ૨૦મો | ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ, ૧૩૫૦ ફસલી. | સમગ્ર. |
| સન ૧૯૫૦નો મધ્ય પ્રાંત અને વરાડ અધિનિયમ ૨જો. | નાગપુર શહેર કોરપોરેશન અધિનિયમ, ૧૯૪૮. | પ્રકરણ ૩૧મું. |
| સન ૧૯૨૨નો મધ્ય પ્રાંત અને વરાડ અધિનિયમ ૨જો. | મધ્ય પ્રાંત અને વરાડ નગરપાલિકા અધિનિયમ, ૧૯૨૨. | કલમ ૨૦૬. |
| સન ૧૯૪૮નો મધ્ય પ્રાંત અને વરાડ અધિનિયમ ૩૮મો. | મધ્ય પ્રાંત અને વરાડ સ્થાનિક સરકાર અધિનિયમ, ૧૯૪૮. | કલમ ૧૨૯. |
| સન ૧૯૫૪નો સૌરાષ્ટ્ર અધિનિયમ ૧૮મો | સૌરાષ્ટ્ર પોલીસ અધિનિયમ, ૧૯૫૪. | કલમ ૧૦૪. |
| સન ૧૮૯૦નો મુંબઈનો ૪થો. | કચ્છ (કાયદા લાગુ પાડવા બાબત) હુકમ ૧૯૪૯થી મુંબઈ રાજ્યના કચ્છ વિસ્તારને લાગુ પાડયા પ્રમાણેનો મુંબઈ જિલ્લા પોલીસ અધિનિયમ, ૧૮૯૦. | કલમ ૬૧નો ખંડ (૨) |

સરકારી મુદ્રણાલય, ભાવનગર